ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૧૦ તા. ૦૨.૧૨.૨૦૧૭

---------

## જાતિવાદ અને પરિવારવાદ સામે વિકાસવાદનો ગુજરાતમાં વિજય થશે

---------

## ગુજરાતની જનતા શાંતિ, સલામતી, અને વિકાસની ઝંખના કરે છે

--------

## કોંગ્રેસનું સમગ્ર ચૂંટણી કેમ્પેઇન આઉટસોર્સ કરેલું છે

---------

## કેન્દ્રમાં અને ગુજરાતમાં ભાજપાની સરકારો હોવાથી આજે ડબલ સ્પીડથી ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે

----------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતુ કે, કોંગ્રેસનો દેશ અને ગુજરાતના રાજકારણને જાતિવાદ, પરિવારવાદ અને તુષ્ટીકરણની દિશામાં લઇ જવાનો હંમેશા પ્રયત્ન રહ્યો છે, જ્યારે ભારતીય જનતા પાર્ટી દરેક ચૂંટણીઓમાં વિકાસવાદ અને ભાજપા સરકારોએ કરેલા પ્રજાલક્ષી કાર્યોને આધારે પ્રજા વચ્ચે જાય છે. અમે કોંગ્રેસ જેવી હલ્કી કક્ષાની ભાષાનો પ્રયોગ ક્યારેય કરતાં નથી. કોંગ્રેસનું સમગ્ર ચૂંટણી કેમ્પેઇન આઉટસોર્સ કરેલું છે. કોંગ્રેસ પાસે નેતા નથી, અમે પૂછીને થાકી ગયા કે તમારા નેતા કોણ પરંતુ આ સવાલનો જવાબ હજુ સુધી આપી શકી નથી.

શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતુ કે, જ્યારે અમે ગુજરાતના શાસનમાં આવ્યા ત્યારે રાજ્યમાં ફક્ત ચાર-પાંચ કલાક જ વિજળી મળતી હતી, આજે ગુજરાતમાં ૨૪ કલાક વિજળી મળે છે. પહેલાં વર્ષમાં ૨૦૦ દિવસ કર્ફ્યુ રહેતો હતો, જયારે આજે ગુજરાતને કર્ફ્યુ મૂક્ત બનાવવાનું કાર્ય અમે કર્યુ છે. સમગ્ર ગુજરાતમાં પાણીની

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ભયંકર સમસ્યા હતી, જ્યારે આજે ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના છેવાડાના ગામડા સુધી અમોએ સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના થકી પીવા માટેનું તથા સિંચાઇ માટેનું પાણી પહોંચાડ્યું છે. ગુજરાતમાં ૧૭,૦૦૦ નવી સ્કુલો ખોલવામાં આવી છે. ડ્રોપ આઉટ રેશીયો પણ ઘણો ઓછો થયો છે. હું રાહુલ ગાંધીને પુછવા માગુ છુ કે, ગુજરાતમાં બંધ થયેલી હોય તેવી એક સ્કુલનું નામ તો આપો ?

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતુ કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રધાનમંત્રી બન્યાં બાદ ગુજરાતના વિકાસને વધુ વેગ આપવાનું કામ કેન્દ્ર સરકારે કર્યું છે. ૧૪માં નાણાપંચ હેઠળ આપવાના પૈસા હોય, સરદાર સરોવર ડેમ હોય, બુલેટ ટ્રેન હોય, ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ હોય, અમદાવાદ મેટ્રો હોય કે પછી ક્રુડ ઓઇલ રોયલ્ટી આપવાની વાત હોય આવી અનેક બાબતોમાં કેન્દ્ર સરકારે ત્વરીત નિર્ણયો લઇ ગુજરાતના વિકાસને વેગ આપવાનું કાર્ય કર્યું છે. પહેલા કોંગ્રેસ સરકાર ગુજરાતના વિકાસ આડે રોડા નાંખવાનું કાર્ય કરતી હતી. આજે ડબલ સ્પીડથી ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે, કારણ કે, કેન્દ્રમાં અને ગુજરાતમાં ભાજપાની સરકારો છે.

શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓ અને ત્યારબાદની તમામ ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિકાસની રાજનીતિને સમર્થન આપી, ગુજરાતની જનતાના આશીર્વાદથી ભાજપાનો ૧૫૦થી વધુ બેઠકો સાથે ભવ્ય વિજય થશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ